# આ ડાયપર પર્યાવરણ અને આરોગ્ય માટે કેટલું હાનિકારક છે?

આધુનિક યુગમાં કેટલીક એવી ચીજો આપણા જીવનમાં ઉપયોગમાં લેવાય છે, જેની કલ્પના ભૂતકાળમાં કોઈએ કરી નહોતી. તેવી એક ચીજ ડાયપર છે. ડાયપરનો ઉપયોગ પહેલાં બાળકો માટે કરવામાં આવતો હતો, પણ હવે વૃદ્ધો માટે પણ ડાયપરનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. મમ્મીઓ બાળકને લઈને બહાર ફરવા નીકળે ત્યારે તેને ડાયપર વગર ચાલતું નથી. જોકે, કેટલીક મમ્મીઓ તો હવે ઘરે પણ કડાકૂટથી બચવા માટે ડાયપરનો ઉપયોગ કરતી થઈ ગઈ છે. બાળકને ક્યારેય પૂછવામાં આવતું નથી કે તેને ડાયપર પહેરવું છે કે નહીં. ડાયપરનો ઉદ્યોગ હવે ફક્ત કંપનીની પ્રોડક્ટ વેચવા પૂરતો મર્યાદિત નથી રહ્યો, પરંતુ તે શહેરી મધ્યમ વર્ગની જીવનશૈલીનો ભાગ બની ગયો છે. આ ડાયપરનો વેપાર કરતી કંપનીઓ અબજો ડૉલરનો નફો કમાય છે, પણ તેના વધતા ઉપયોગને કારણે પ્રદૂષણ, કચરો અને આરોગ્યના અનેક જોખમો જેવી ગંભીર સમસ્યાઓ પેદા થઈ રહી છે.

પ્રોક્ટર એન્ડ ગેમ્બલ નામની મલ્ટીનેશનલ કંપનીએ છેક 1956માં પ્રથમ વાર પેમ્પર્સ નામનું ડિસ્પોઝેબલ ડાયપર લોન્ચ કર્યું હતું. થોડા દાયકાઓમાં જ આ ડાયપરનું વેચાણ 10 અબજ ડૉલર પર પહોંચી ગયું હતું. આ સીમાચિન્હ 2012માં પહોંચ્યું હતું અને ત્યારથી બજારમાં સતત વૃદ્ધિ જોવા મળી રહી છે. 2021માં વૈશ્વિક શિશુ ડાયપરનું વેચાણ 2013 કરતાં 36 ટકા વધુ હતું. 2020 માં ડાયપરના બજારનું કદ આશરે 50 અબજ ડૉલર હતું, જે આજે 60 અબજ ડૉલરને વટાવી ગયું છે અને 2030 સુધીમાં 80 અબજ ડૉલર સુધી પહોંચવાનો અંદાજ છે. આ તેજી આક્રમક પ્રમોશન દ્વારા પ્રેરિત થઈ છે. ખાસ કરીને એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા પ્રદેશોમાં કચરાના નિકાલની વ્યવસ્થા કંગાળ હોય છે, જેને પરિણામે આ દેશોમાં ડાયપરના પ્રદૂષણનો બોજ વધ્યો છે.

વિશ્વ બેંકના અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે ઇન્ડોનેશિયામાં મુખ્ય શહેરોમાં નદીઓમાં જોવા મળતા કુલ કચરામાંથી 21 ટકા કચરો એકલા ડાયપરનો હોય છે. લંડન સ્થિત પર્યાવરણીય મેગેઝિન 'ધ ઈકોલોજિસ્ટ'માં એડમ રામસેના સંશોધન અહેવાલમાં જણાવાયું છે કે મોટી કંપનીઓએ પોતાના ડાયપરનું વેચાણ વધારવા આક્રમક માર્કેટિંગ દ્વારા માતા-પિતાને તેમના બાળકોને કુદરતી હાજતની તાલીમ આપવામાં વિલંબ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમની દલીલ એવી હતી કે ડાયપર બાળકોને વધુ આરામદાયક બનાવે છે, ઊંઘમાં સુધારો કરે છે અને માતા-પિતાની મુશ્કેલી ઘટાડે છે; પરંતુ તેનો વાસ્તવિક હેતુ ડાયપરના વપરાશ અને વેચાણ બંનેમાં વધારો કરવાનો હતો.

બ્રિટનમાં 1940 અને 1970ના દાયકા વચ્ચે બાળકોને સરેરાશ 12 થી 18 મહિનાની ઉંમરે પેશાબ અને સંડાસ કરવાની તાલીમ આપવામાં આવતી હતી, પરંતુ 2004 સુધીમાં ડાયપરના વધતા ઉપયોગને કારણે આ સરેરાશ વધીને 2.5 વર્ષની થઈ ગઈ હતી અને 2021 સુધીમાં તે વધીને 3.5 વર્ષ થઈ ગઈ હતી. આનો અર્થ એ થાય કે દર વર્ષે આશરે એક અબજ વધારાના નિકાલજોગ ડાયપરનો ઉપયોગ થઈ રહ્યો છે. ડાયપર બનાવતી કંપનીઓ કરે છે કે તે સમય બચાવે છે, બાળકોને લાંબા સમય સુધી સૂકા રાખે છે અને વ્યસ્ત માતા-પિતાના જીવનને સરળ બનાવે છે.



ત્યાં જ અટકી નહીં. તેમણે પાંચ વર્ષથી વધુ ઉંમરનાં બાળકો માટે ટ્રેનિંગ પેન્ટ અને ડાયપર લોન્ચ કર્યાં, જેથી આ આદત જાળવી રાખવામાં મદદ મળે. નિષ્ણાતો પરંતુ આ સુવિધા માત્ર જાહેર જનતા માટે જ નહીં, પરંતુ પર્યાવરણ માટે પણ કિંમત ચૂકવે છે. કચરામાં ફેંકી દેવામાં આવતાં ડાયપર સેંકડો વર્ષો સુધી કચરાના

**બાળકોને કુદરતી હાજતની તાલીમ આપવાનો શ્રેષ્ઠ સમય 20 થી 30 મહિનાનો છે. તે પછી બાળકોને તાલીમ આપવામાં વધુ મુશ્કેલી પડે છે, જેના કારણે તેઓ લાંબા સમય સુધી ડાયપર પર નિર્ભર રહે છે. એટલું જ નહીં પણ બાળકોમાં પેશાબની નળીઓ પહોળી થવી અને ચામડીના ચેપ જેવી સમસ્યાઓનું જોખમ વધે છે**

માને છે કે બાળકોને કુદરતી હાજતની તાલીમ આપવાનો શ્રેષ્ઠ સમય 20 થી 30 મહિનાનો છે. તે પછી બાળકોને તાલીમ આપવામાં વધુ મુશ્કેલી પડે છે, જેના કારણે તેઓ લાંબા સમય સુધી ડાયપર પર નિર્ભર રહે છે. ડાયપરથી શહેરોમાં કચરોના પહાડ ઊભા થાય છે, એટલું જ નહીં, પણ બાળકોમાં પેશાબની નળીઓ પહોળી થવી અને ચામડીના ચેપ જેવી સમસ્યાઓનું જોખમ વધે છે.

ભારતમાં પણ આ પરિવર્તન ઝડપથી દેખાઈ રહ્યું છે. ભારતીય ડાયપર બજારનું મૂલ્ય 2014 માં આશરે 1,400 કરોડ રૂપિયા હતું, તે 2024 સુધીમાં વધીને 5,000 કરોડ રૂપિયાથી વધુ થવાની ધારણા છે. 2030

**ટાઈમ લાઈન**

**-સંજય વોરા**

સુધીમાં તે બમણું થવાનો અંદાજ છે. ડાયપરના વધી રહેલા ઉપયોગ માટે ઝડપી શહેરીકરણ, વિભક્ત પરિવારોમાં વધારો અને વધુ સુવિધાલક્ષી જીવનશૈલી જેવાં પરિબળો જવાબદાર છે. રસપ્રદ વાત એ છે કે, ફક્ત શિશુ ડાયપર જ નહીં પરંતુ પુખ્ત વયના ડાયપરનું બજાર પણ ખાસ કરીને વૃદ્ધ વસ્તી અને હોસ્પિટલોમાં ઝડપથી વિસ્તરી રહ્યું છે. ડાયપરના સમર્થકો દાવો ઢગલામાં સડે છે. પ્લાસ્ટિક આધારિત પોલિમર, સેલ્યુલોઝ પલ્પ અને તેમાં રહેલા રસાયણોને વિઘટિત થવામાં 300 થી 500 વર્ષ લાગે છે. આ સમય દરમિયાન, તેઓ માટી અને પાણીમાં પ્રદૂષકો છોડે છે અને મિથેન ગેસ ઉત્પન્ન કરે છે. દિલ્હી જેવા મહાનગરોમાં દરરોજ લાખો વપરાયેલા ડાયપર કચરાપેટીમાં ફેંકાઈ જાય છે.

એક બાળક તેના બાળપણમાં લગભગ પાંચથી છ હજાર ડાયપરનો ઉપયોગ કરી શકે છે. જો ભારતમાં દર વર્ષે જન્મેલા 2.5 કરોડ બાળકોમાંથી માત્ર 20 ટકા બાળકો જ ડિસ્પોઝેબલ ડાયપરનો ઉપયોગ કરે તો પણ વાર્ષિક અબજો ડાયપરનો કચરો ઉત્પન્ન થશે. કચરાના ઢગલામાં છોડવામાં આવતાં ડાયપર વરસાદી પાણી સાથે મળી લીચેટ નામનું ઝેરી પ્રવાહી બનાવે છે, જે માટી અને ભૂગર્ભજળને પ્રદૂષિત કરે છે. આ કચરો કાર્બનિક કચરા સાથે સડી જાય છે, ગંધ ઉત્સર્જન કરે છે અને મિથેન છોડે છે. વપરાયેલા ડાયપરમાં માનવ મળ અને પેશાબની સાથે જંતુઓ, બેક્ટેરિયા અને વાયરસ હોય છે. જ્યારે તેમનો યોગ્ય પ્રક્રિયા વિના ખુલ્લામાં અથવા કચરાપેટીમાં નિકાલ કરવામાં આવે છે, ત્યારે તે ચેપનો ફેલાવો કરવાનું સાધન બની શકે છે. ડાયપરમાં વપરાતાં રસાયણો ત્વચાના સંપર્કમાં રહેવાથી એલર્જીક પ્રતિક્રિયાઓ, ફોલ્લીઓ અને હોર્મોનલ અસંતુલન પણ થઈ શકે છે.

# ૬૧મી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનાં નાટકોનું રસદર્શન 'પ્રેક્ષક નજરે' માણીએ

**આ સ્પર્ધામાં સિદ્ધહસ્ત લેખકોની કૃતિઓ સાથે નવોદિતોમાંથી પણ સંવેદનશીલ, સાંપ્રત વિષયોવાળા નાટકો મળ્યા. પ્રેક્ષકોએ કલાકારોને દિલથી બિરદાવ્યા તો અમુક શાંતિથી સહનપણ કર્યા. દોઢસોથી વધુ કલાકાર કસબીઓના કાફલાને આઠ દિવસ સુધી ચીવટતાથી ચકાસી નિર્ણય નિર્ણાયકો તરીકે શ્રી વિહાંગ મહેતા (વડોદરા) શ્રી વૈભવ દેસાઈ (સુરત) અને શ્રી તોરલ ત્રિવેદીએ નિભાવ્યા હતા.**

## લોચા લાપસી ડોટ કોમ

સ્પર્ધાના ચોથા દિવસે શ્રી સુરતી લુહાર સમાજના ગોપાળજી મંદિર ટ્રસ્ટ નિર્મિત અશોક ઉપાધ્યાય લિખીત અને રાજીવ પંચાલ દિગ્દર્શીત અભિનિત નાટક લોચા લાપસી ડોટ કોમ ભજવાયું. કુસુમબેન અને કાંતિભાઈ (પતિ) દિકરા રાજુ સાથે બંગલામાં રહે છે. એ બંગલો આમ તો કુસુમના ભાઈ લાદેનએ ટીવી સિરીયલ માટે ભાડે રાખેલ સેટ છે. કાંતિભાઈ શેરબજારમાં ખતા ખાધા પછી બરબાદ થઇ ગયા છે. કુસુમબેનને હજી પણ કરોડપતિ થવાના ઉભરા આવે છે. પરિસ્થિતિ એવી સર્જાય છે કે ઘરના નોકરને માલિક બનાવવા પડે છે. અને પછી જાતભાતના લોચા અને લાપસી પીરસાય છે.

લાદેન તરીકે ચૈતન્ય સરસ રીતે પાત્રને ન્યાય આપી ગયા. ધીરૂભાઈ બિલ્ડર તરીકે સિનીયર કલાકાર રાજીવ પંચાલ ભૂમિકા નિભાવી ગયા. ચિન્ની તરીકે વિમલ અને કુસુમ તરીકે શિવાની ઓવર ડોઝથી પ્રેક્ષકોને હસાવતા રહ્યા. અન્ય પાત્રોમાં કાંતિભાઈ તરીકે ઉમેશ, મીની દેવશ્રી, દાદીમાં પૂર્વી શાહ તથા દિપ્તી સામાન્ય રહ્યા. રાજુ તરીકે આલોક રાવલ થોડા સહ્ય રહ્યા. અશોક ઉપાધ્યાયની સ્ક્રિપ્ટને દિગ્દર્શક રાજીવ અને સહદિગ્દર્શક વિમલ ઓવર એક્ટિંગ નિવારી કોમેડી નાટકને ફારસ બનતું અટકાવી શક્યા. શહેરના એક સમાજનું મૂળ ગ્રુપ આટલી હિંમત કરી ફુલ લેન્થ નાટક રજૂ કરી શકે એ જ અભિનંદનને પાત્ર છે.

## મનસા

અતરંગી એક્ષપ્રેશને મિહિર પાઠક લિખિત, વત્સલ શેઠ દિગ્દર્શીત, નિશાંત નાયક, નિર્મિત નાટક 'મનશા'નું મંચન કર્યું. વસાહતના રહેવાસીઓ વચ્ચે એક છોકરી મુક્તિ મલિક રહે છે. એના પિતા જલ્લાદ તરીકેની નોકરી કરતા હતા. કેદીને ફાંસી આપતી વખતે જ હાથમાંથી દોરડું ઝુંટવી લઈ જલ્લાદના ગળામાં બાંધી દીધું. મુક્તિ પિતાની જગ્યાએ જલ્લાદની નોકરી કરવા અરજી કરે છે. આખી ચાલમાં એનો વિરોધ થાય છે પણ મુક્તિ મક્કમ રહે છે. એક સ્ત્રી જલ્લાદ બનવા જતા



અરજી કોર્ટમાં જાય છે. વકીલ દિવાન સાહેબ કેસને ચપટીમાં ચોળી નાંખે છે. મુક્તિની વાતો, એના હક વિશેની વાતો અને કેસની વિગતો મિડિયા થકી ફેલાઈ. એક બાજુ વિરોધનો વંટોળ, તો બીજી બાજુ ચાલીમાં સહકારનો શોર ઉઠે છે. મુક્તિને ન્યાય મળશે? મુક્તિના પાત્રમાં સુહાની જાગીરદાર આખા નાટકમાં છવાયેલા રહ્યા. સૂર્યા મલિક તરીકે સુનિલ કસબ દેખાડી ગયા. વ્યંઢળનાં પાત્રમાં જીકુમાર કમાલ કરી ગયા. ગુગલ તરીકે જય સોલંકી કરસનકાકા તરીકે પ્રિન્સ તથા વકીલ તરીકે નિશાંત નોંધનીય રહ્યા. કઠપૂતળીવાળી ડોશી સપના શેઠ ઝલક દેખાડી ગયા. ઈશા મુન્શી સવિતા કાકી તરીકે, હની પટેલ લક્ષ્મી કાકી તરીકે પાત્રને ભજવી ગયા. નાનો સૂર્ય તથ્ય શેઠ અને પિતા દિપકભાઈ તરીકે વત્સલ સાથે કોરસના પાત્રો ખુશી, હર્ષ, મેહુલ, અદનાન શેખ -સહકાર અને સરળતાથી નાટકને મદદરૂપ રહ્યા. રીપોર્ટર તરીકે અજીત તેલંગે અને સ્ટેનોગ્રાફ વિરેન વશીનો પણ સરસ સાથ રહ્યો. મિહિર પાઠકની સ્ક્રિપ્ટને ડિરેક્ટર વત્સલે પૂરો ન્યાય, ચાલીનું જીવંત વાતાવરણ તથા અન્ય ઝીણીઝીણી બાબતોનો ખ્યાલ રખાયો. જીતેન્દ્ર જીનું સંગીત અને મિતુલ લહારનું પ્રકાશ આયોજન નાટકને ગતિ આપવામાં સફળ રહ્યું.

**કર્ટનકોલ**

**- પ્રવીણ સરાધીઆ**



## ઓરેન્જ જ્યુસ

સ્પર્ધાના છઠ્ઠા દિવસે કલા સત્ય સંસ્થાએ ઉત્તમ ગડ્ડા લિખિત, દિવાંગી ભટ્ટ દિગ્દર્શીત નાટક 'ઓરેન્જ જ્યુસ' નાટક જીતેન્દ્ર સુમરાના માર્ગદર્શન હેઠળ રજૂ કર્યું. કોઠારી સદન હવેલીમાં નામાંકીત કોઠારી પરિવાર રજવાડી જીવન જીવે છે. મોભી સૂરજમયને બિમારી થતાં હવેલીને હોટલમાં પરિવર્તીત કરવાની નોબત આવી છે. એમની કીડની ખરાબ થઇ ગઇ છે. પરિવારમાંથી મોટા દિકરા કાર્તિકની કીડની જ મેચ થાય છે પણ એ તો ઘર છોડીને ચાલ્યો જાય છે. હવે નાનો ભાઈ અક્ષર અને રાજમલ કીડની દાતા શોધવાનું શરૂ કરે છે. ગામડાનો રહીશ પ્રવીણ જેઠવા કીડની દાતા મળી જાય છે. એની બધી જ સગવડો અને માંગણીઓ પરિવાર દ્વારા સચવાય છે. પણ પણ પછી શું?

રાજકમલ કોઠારી તરીકે કૃણાલ પોતાના ઠસ્સો અને મિજાજ જાળવી ન્યાય આપ્યો. મંજરી તરીકે દેવાંગી મનોમંથન સાથે પોતાના પાત્રને નિભાવી ગયા. મોટા ભાઈ કાર્તિક તરીકે નિતિન મોર્ય લાગણી સજોર અભિનય કરી ગયા. રંજના પટેલે મોભો જાળવી જશુબેન કોઠારીના પાત્રને જીવંત કર્યું. અક્ષર તરીકે અમન સાલવે દમદાર રહ્યા. કીડની ડોનર પ્રવીણ તરીકે પ્રવીણ પાટીલ કુનેહબાજ અભિનય કરી પ્રેક્ષકોની તાળીઓ મેળવી ગયા. સલોની તરીકે હાર્વી પાત્રને ન્યાય આપી ગયા. ઉત્તમ ગડાની સ્ક્રિપ્ટને દિગ્દર્શક દેવાંગી જોષીએ ન્યાય આપ્યો. એક પછી એક ઘટનાઓને ઉઘાડ આપી પ્રેક્ષકોને જકડી રાખ્યા. શ્રેય કોઠવાળાનું સંગીત અને પલાશ આઠવલેના સંચાલને નાટકની વાતને ગતિ આપી. ચેતન કણીયાએ હવેલીનો ગેટઅપ આપ્યો અને મોભાને અનુસાર શણગાર સારો ઉપસાવ્યો. સબળાને નિર્બળ અને અબળાને સબળ બનાવતા આ નાટકે પ્રેક્ષકોને જકડી રાખ્યા.

## 18-કુસુમ વિલા



સ્પર્ધાના સાતમા દિવસે વંશાલી થિયેટર ગૃપે સેજલ પટેલ નિર્મિત, પ્રિયમ જાની લિખિત અને ચેતન પટેલ દિગ્દર્શીત નાટક 18 કુસુમવિલાનું મંચન કર્યું. જગદીશ પંડ્યા રીટાયર્ડ આર્મી ઓફિસર છે. પનવેલમાં આવેલ બંગલોનો માલિક છે. અહીં એકાંકી જીવન વિતાવે છે. વ્હીલચેર સ્માર્ટ રૂમમાં બેઠાબેઠા નાલાસોપારામાં રહેતા મયુર પરમારને ફોન કરી અહીં બોલાવે છે. મયુર આર્થિક સંકડામણથી ઘેરાયેલો છે. બુકીઓ અને લેણદારો એના જીવના દુશ્મન છે. મયુરને બોલાવી જગદીશ કહે છે કે હું તને આર્થિક કટોકટીમાં મદદ કરીશ પણ એક વિચિત્ર શરત મૂકે છે. મુયરે જગદીશ પંડ્યાને હસાવવાનો છે, પણ આ શરત પુરી કરવા મયુરને ત્રણ પ્રયત્ન મળે છે અને જો નિષ્ફળ જાય તો મોત. મયુર તૈયાર થાય છે અને પછી શરૂ થાય છે બંને વચ્ચે કશમકશ. જગદીશના પાત્રને સ્વપ્નીલ પાઠક મક્કમતાથી અભિનય ભજવી ગયા. મયુરના પાત્રમાં હિરેન વૈદ્ય કમાલ કરી ગયા. ઈન્સ્પેકટરના પાત્રના ભાવિન, બાળ જગદીશના પાત્રમાં ભગવતિસંહ અને જગદીશના પિતાના પાત્રમાં તારક શાહ, મમતાનાં પાત્રમાં જ્હાનવી ભૂમિકા ભીજવી ગયા. પ્રિયમ જાનીની સ્ક્રિપ્ટને દિગ્દર્શક ચેતને પૂરો ન્યાય આપ્યો. બંને મુખ્ય કલાકારો વચ્ચેની તડાફડી પ્રકાશ-સંગીત, ભોયરું, સ્માર્ટ રૂમનો યોગ્ય વિયોગ કર્યો. દર્શન ઝવેરીનું સંગીત ઘણુ સારું રહ્યું. હર્ષનું સંચાલન સફળ રહ્યુ. કિરણસિંહ ચૌહાણની કાવ્યપંક્તિઓ શૌનક પંડ્યાનો સ્વર અસરકારક રહ્યા. સેતુ ઉપાધ્યાયની સેટ ડિઝાઈન ધ્યાનાકર્ષક. સમગ્ર નાટક દરમિયાન તાળીઓનો ગડગડાટ સાથે પ્રેક્ષકો જકડાયેલા રહ્યા.

## ભંવર


થેસ્પીયન આટર્સએ ભાવના હેમંત વકીલના લિખિત, યશ ઉપાધ્યાય દિગ્દર્શિત 'ભંવર'ની રજૂઆત કરી. જુવેનાઈલ હોમમાં ત્રણ બાળકોને લાવવામાં આવે છે, આ જુવેનાઈલ હોમમાં ગોપાલ છે જે સંજોગવસાત રહી પડ્યો છે. પોતાની એક કથા અને વ્યથા સાથે બાળકો અહીં ઉછળે છે. તેમના તિરસ્કાર, ક્રોધ, નફરત પાછળ પોતાના ઘરની વ્યક્તિઓ જ જવાબદાર છે એની રજૂઆત સૂક્ષ્મ રીતે કરી છે. કંથારિયા સાહેબ તેમના સુપ્રિન્ટેન્ડન્ટ છે. શું આ બાળકોની જીંદગી બદલશે?

કલાકારોમાં દેવ, ફેનીલ, રાહુલ અને મયુર આખા નાટક દરમિયાન પોતાનું કૌવત દેખાડી ગયા. ગોપાલ તરીકે યશ અભિનય કરી ગયા. પિયુષ ચતુર્વેદીની ભૂમિકા ભજવી.

ભાવિક, દિયા, પિયુષ તથા દર્શિલ અને પ્રિયલ, સીડેલ પોતાની ભૂમિકાઓ નિભાવી ગયા. ભાવનાબેન વકીલનાની વાચિક લાગતી સ્ક્રિપ્ટને દિગ્દર્શક યશે ન્યાય આપ્યો. યશનું સંગીત અને જુઈ છત્રપતિનું સંચાલન ઠીક રહ્યા. જનક દિવ્યાર્થીનું પ્રકાશ સંચાલન સામાન્ય રહ્યું. વેશભૂષા ભાવના વકીલની અને રંગભૂષા અર્ચા સોમૈયાની વાર્તાને અનુરૂપ રહી. આપણે કહેવાતો સ્વસ્થ સમાજ આવા 'ભંવર' અને તેની નીળ પર જ ટકી રહ્યો છે. નવોદિત કલાકારો કસબીઓને પણ અભિનંદન

## શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. નકલનું કામકાજ (૬)
૫. વ્યાયામશાળા (૩)
૯. રસવાળું (૩)
૧૦. ચીંથરેહાલ (૬)
૧૪. પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
૧૬. મુકામ (૨)
૧૭. ખેતર કે ગામની હદ (૨)
૧૮. મીઠું, ગળ્યું (૩)
૧૯. પૈસાદાર (૨)
૨૦. પકડવાનું ઓજાર (૩)
૨૨. કુસ્તીબાજ(૨)
૨૩. દાન આપનાર (૩)
૨૫. તારનાર (૩)
૨૭. એક તેલી બી (૨)
૨૮. મોટી સંખ્યામાં નાણું (૩)
૩૧. ખેલ કે તમાસો (૪)
૩૫. અનુકૂળતા, જોગવાઈ (૪)
૩૭. લીન, ડૂબેલું (૨)
૩૮. સુવાસ પ્રસરવી તે (૫)
૪૧. કાળજી (૩)
૪૩. પ્રકાર (૨)
૪૫. મોજું, તરંગ (૩)
૪૭. બીજાને આધાર આપનારું (૫)
૫૧. હેતુ, આશય (૪)
૫૩. બચાવેલી રકમ (૩)
૫૫. જીતાયેલું (૨)
૫૬. પવન (૩)
૫૭. રોણું, રડવું તે (૨)
૬૦ નમેલું (૨)
૬૧. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૬૪. ચાલવાનો અવયવ (૨)
૬૫. ખુશ, પ્રસન્ન (૨)
૬૬. નાણું (૨)
૬૭. અંતરની ઉમેદ (૪)
૬૮. નકામું, બાદ કરેલું (૨)
૬૯. તંતુ, દોર (૨)
૭૧. કેળવણી (૩)
૭૩. કબૂતર (૩)
૭૫. તાજી તાડી (૨)
૭૬. જરૂરી જ ખર્ચ કરવું (૫)
૭૭. કીડીને કણ, હાથીને.. (૨)


**ઊભી ચાવી**

૨. લોટો (૩)
૩. સરિત (૨)
૪. સારું, ઉત્તમ (૩)
૫. સચોટ, સફળ (૪)
૬. પાણી ભરવાનું પાત્ર (૨)
૭. મકાન (૨)
૮. એક હિંસક પશુ (૨)
૧૧. યોજનારું (૩)
૧૨. જંગલનું (૨)
૧૩. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૧૪. હદ, સીમા (૩)
૧૫. કેડ, કટિ (૩)
૧૬. વાત, કહાણી (૩)
૧૯. અનુકૂળ વખત(૨)
૨૦. પળ, ક્ષણ (૩)
૨૧. બીક (૨)
૨૨. બાળભાષામાં ચવાણું (૨)
૨૪. તડકો (૨)
૨૬. માલિશ કરવું તે (૩)
૨૭. ઝટ, એકદમ (૩)
૨૯. સોગન (૩)
૩૦. દુનિયા (૨)
૩૧. ધ્યાન (૩)
૩૨. સરખું (૨)
૩૩. દોરડા પર નાચનાર (૨)
૩૪. વિસ્તાર, ફેલાવો (૨)
૨૫. એક ને પા (૨)
૩૬. ડુક્કર (૩)
૩૯. ઘડી, ચોવીસ મિનિટ (૩)
૪૦. ઘા, નાશ (૨)
૪૨. રૂપાનું (૩)
૪૪. કમળની વેલ (૪)
૪૫. હોઠ (૨)
૪૬. દુઃખ દેવું (૩)
૪૮. આબરૂ (૨)
૪૯. ખેલ (૩)
૫૦. બડાઈ, શેખી (૪)
૫૧. અક્કલ (૨)
૫૨. સહેજ, થોડુંક (૩)
૫૪. એક તેજાનો (૨)
૫૭. રાત્રે ચોકી માટે ફરવું તે (૨)
૫૯. નરમાશ (૪)
૬૦. રોકડું (૩)
૬૧. ભવિષ્ય કહેવું તે (૪)
૬૨. દાન આપવું તે (૨)
૬૩. જનાવર વગેરેનો ખેલનો તમાશો (૪)
૬૪. પવિત્ર, શુદ્ધ (૩)
૬૫. ખુશ, પ્રસન્ન (૩)
૭૦ પ્રત્યેક, દરેક (૨)
૭૨. ડૂબેલું (૨)
૭૩. કીડીને... હાથીને મણ (૨)
૭૪. શરીર (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

